**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

<u>અખબારી યાદી</u>

# પેટ્રોલિયમ ઉત્પાદનો ઉપર વસૂલવામાં આવતા અપ્રત્યક્ષ કરોમાં ફેરફારની કોઇ વિચારણા નથી

## રાજ્ય સભા સાંસદ શ્રી પરિમલ નથવાણીને પેટ્રોલિયમ મંત્રાલયનો જવાબ

**૫ ઓગસ્ટ ૨૦૧૦ :** *પેટ્રોલિયમ ઉત્પાદનો ઉપર વસૂલવામાં આવતા કેન્દ્રીય અપ્રત્યક્ષ કરોમાં હાલમાં ફેરફાર કરવાની કોઇ દરખાસ્ત વિચારાધીન નથી, તેમ કેન્દ્રના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના રાજ્ય મંત્રી શ્રી જિતિન પ્રસાદે નાણાં મંત્રાલયના હવાલાથી જણાવ્યું હતું. રાજ્ય સભાના સાંસદ શ્રી પરિમલભાઇ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ સદનને વધુમાં જણાવ્યું હતું કે, પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમત ઉપર ઘણાં પરિબળો અસર કરતાં હોય છે અને અપ્રત્યક્ષ કરોમાં ફેરફાર કરવો તે ભાવ ઘટાડવા માટેનો એક માત્ર વિકલ્પ નથી.*

*સદનમાં મંત્રીશ્રીએ આપેલી માહિતી મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારના મળી પેટ્રોલ ઉપર લીટર દીઠ રૂા. ૨૫.૦૧ પૈસા અને ડીઝલ ઉપર લીટર દીઠ રૂા.૧૦.૯૯ પૈસા કર પેટે ગ્રાહક ચૂકવે છે. પેટ્રોલિયમ ઉત્પાદનો ઉપરના વિવિધ કરો અંગે માહિતી આપતાં મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, કેન્દ્રીય કરોમાં સીમાશુલ્ક પ્રતિ લીટર પેટ્રોલ ઉપર રૂા. ૧.૬૬ પૈસા અને ડીઝલ ઉપર રૂા. ૧.૮૨ પૈસા છે. વધુમાં ઉત્પાદન શુલ્ક પેટ્રોલ ઉપર લીટર દીઠ રૂા. ૧૪.૭૮ પૈસા અને ડીઝલ ઉપર રૂા. ૪.૭૪ પૈસા છે; જ્યારે જાહેર વિતરણ માટેના કેરોસીન તથા ઘરેલુ વપરાશના ગેસના સીલીન્ડર ઉપર કેન્દ્રીય કરો નથી.*

*રાજ્ય સરકાર દ્વારા વસૂલવામાં આવતા વિવિધ કરોમાં લીટર દીઠ પેટ્રોલ ઉપર રૂા. ૮.૫૭ પૈસા વેટ અને ડીઝલ ઉપર રૂા. ૪.૪૩ પૈસા વેટ વસૂલવામાં આવે છે, જ્યારે જાહેર વિતરણ વ્યવસ્થાના કેરોસીન ઉપર ૫૯ પૈસા વસૂલવામાં આવે છે. ઘરેલુ વપરાશના ગેસ સીલીન્ડર પર વેટ વસૂલ કરવામાં આવતો નથી.*

*આમ દેશનો સાધારણ ગ્રાહક પેટ્રોલ ઉપર ૪૮.૬૧ ટકા અને ડીઝલ ઉપર ૨૯.૨૧ ટકા કરનો ભાર વેંઢારે છે. જો કે જાહેર વિતરણના કેરોસીન ઉપર કરનું ભારણ માત્ર ૪.૭૯ ટકા છે અને ઘરેલુ એલ.પી.જી. વેરા મુક્ત છે.*

વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન પેટ્રોલિયમ પેદાશો ઉપર કરવેરા પેટે કેન્દ્ર દ્વારા કુલ રૂ. ૭૧,૭૬૮ કરોડ ઊભા કરવામાં આવ્યા જેમાંથી રૂ. ૭,૭૫૫ કરોડ સીમા શુલ્ક તરીકે અને રૂ. ૬૪,૦૧૩ કરોડ ઉત્પાદન-શુલ્કના ઊભા કર્યા. રાજ્ય સભામાં શ્રી નથવાણીના એક અન્ય પ્રશ્નના જવાબમાં નાણાં મંત્રાલયમાં રાજ્ય મંત્રી શ્રી નમો નારાયણ મીનાએ આ માહિતી આપતાં કહ્યું હતું કે વર્ષ ૨૦૦૯-૧૦ માટે સરકાર દ્વારા જુદી જુદી પેટ્રોલિયમ પેદાશો માટે રૂ. ૨૮,૭૮૯ કરોડની સબસીડી મંજૂર થઈ હતી. જો કે તેની સામે સરકાર સંચાલિત ઓઈલ માર્કેટિંગ કંપનીઓને રૂ. ૪૬,૦૫૧ કરોડની ખોટ થઈ હતી. વર્ષ ૨૦૧૦-૧૧ માટે આ ખોટ રૂ. ૭૨,૦૦૦ કરોડ જેટલી અંદાજવામાં આવી છે. જો કે આ ખોટની રકમ ભારત માટે ક્રુડ ઓઈલની સરેરાશ બેરલ દીઠ કિંમત ૭૫ અમેરિકન ડોલરના આધારે અને ૨૬ જૂન ૨૦૧૦ના રોજ લાગૂ કરવામાં આવેલા ભાવ વધારા પહેલાં અંદાજવામાં આવી હતી.

શ્રી મીનાએ વધુમાં એમ પણ જણાવ્યું કે પેટ્રોલિયમ પેદાશોના ભાવો છૂટા કરવામાં આવ્યા બાદ આ ખોટ ઘટીને રૂ. ૫૩,૦૦૦ કરોડ થવાની ધારણા છે. જો કે ક્રૂડના ભાવ વધે તો ખોટ પણ વધવાની. તેમણે ઉમેર્યું હતું કે ભારત સરકારની આવકમાં આ પ્રમાણે થનારા ચોખ્ખા નુકસાનનો આધાર કરોની માત્રામાં થનારા ઘટાડા તથા વાસ્તવિક સબસીડીના પ્રમાણ તેમજ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને થનારી કુલ ખોટ ઉપર છે. આ તમામનો આધાર આંતર્રાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવો ઉપર છે.

બીજી તરફ પેટ્રોલ-ડીઝલ વિગેરેના વધતા જતા ભાવો વચ્ચે પણ દેશના ઓટોમોબાઈલ ઉદ્યોગે સરકારના અપ્રત્યક્ષ વેરાઓમાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન ૧૭ ટકા જેટલો ફાળો આપ્યો છે અને દેશની નિકાસ કમાણીમાં તેનું ૧.૮૨ ટકાનું યોગદાન છે.

રાજ્ય સભાના સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણીએ દેશમાં વિવિધ મોટરકારોના ઉત્પાદન, વેચાણ અને વિદેશી મુદ્રાની આવક અંગે પૂછેલા પ્રશ્નના જવાબમાં ભારે ઉદ્યોગ અને જાહેર સાહસો વિભાગના કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી અરૂણ યાદવે આ મુજબ જણાવ્યું હતું. તેમણે વધુમાં એમ પણ કહ્યું કે વર્ષ ૨૦૦૯-૧૦માં ડીઝલ, પેટ્રોલ અને ગેસ આધારીત કુલ૧૯,૨૬,૪૮૪ મોટરકારોનું ઉત્પાદન થયું હતું; જેમાં ૧૫,૨૬,૭૮૭ મોટરકારોનું દેશમાં વેચાણ થયું હતું. જ્યારે ૪,૪૧,૭૧૦ મોટરકારોની નિકાસ કરવામાં આવી હતી.

ભારતીય મોટર ઉત્પાદક સંઘના અહેવાલ પ્રમાણે દેશમાં અપ્રત્યક્ષ કરોની વસૂલાતમાં ઓટોમોબાઈલ ક્ષેત્રનો વર્ષ ૨૦૦૯-૧૦ (એપ્રિલ થી ડીસેમ્બર) સુધી ૧૭ ટકાનો ફાળો છે. નિકાસ કરવામાં આવેલ મોટરકારોના પરિણામે દેશને રૂ. ૧૦,૯૩,૩૩૨ લાખની આવક થયેલ છે, જેના પરિણામે વિદેશી ચલણની કુલ આવકમાં ૧.૮૨ ટકાનો ફાળો નોંધાયેલ છે.

★ ★ ★